# પેટ્રોલ-ડીઝલમાં કમરતોડ ભાવ વધારો



## પેટ્રોલની કિંમતમાં વેટ વિના ૩.૧૩, ડીઝલમાં ૨.૭૧નો વધારો : અમદાવાદમાં વેટ સાથે પેટ્રોલનો નવો ભાવ ૬૯.૬૮, ડીઝલનો ભાવ ૫૭.૮૯ થઇ ગયો

નવીદિલ્હી,તા. ૧૫ તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર આજે વધુ બોજ ઝીંકાયો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય ક્રમશઃ ૩.૧૩ અને ૨.૭૧ રૂપિયા પ્રતિલીટરમાં વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. આ મહિનામાં રેટમાં બીજી વખત કમરતોડ વધારો ઝીંકવામાં આવ્યો છે. ગુજરાતમાં આ વધારો આના કરતા પણ વધારે રહેશે. કારણ કે ગુજરાતમાં પેટ્રોલ ઉપર ૩.૨૫ અને ડિઝલ ઉપર ૨.૮૫ રૂપિયાનો વધારો ગણાશે. વેટ સાથે ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં તીવ્ર વધારો થયો છે. અમદાવાદમાં વેટ સાથે જોવામાં આવે

● અનુસંધાન પાન-૭ પર



**ભારત અને ચીન વચ્ચે ૨૪ સમજૂતિ પર હસ્તાક્ષર** Page-6

**સુવિચાર : ધર્મને સાચવી રાખવા માટે સારામાં સારી વસ્તુને પણ ત્યજી દેવાની તૈયારી હોવી જોઇએ- ધર્મસૂત્ર**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૬ | ૧૬ મે, ૨૦૧૫, શનિવાર ; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના આરોગ્ય સંકુલોના આધુનિકરણ માટે ૧૧ કરોડ ફળવાયા

## ૨૦ સબસેન્ટરો, પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને કલોલમાં સામુહિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરાશે



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના આરોગ્ય સંકુલોના આધુનિકરણ માટે રાજ્ય સરકારે રૂ. ૧૧ કરોડથી વધુની રકમ મંજૂર કરી છે.

જિલ્લામાં ૨૦ સબ સેન્ટરો, પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાન માટે તેમજ કલોલમાં આધુનિક સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે આ રકમ મંજૂર કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦ સબ સેન્ટરોના આધુનિકરણ માટે ૫ કરોડ ૬૦ લાખથી વધુ રકમ મંજૂર કરવામાં આવી છે. ૨૮ લાખ ૫૦ હજારના ખર્ચે આ સબ સેન્ટરોના નવા મકાનો બનાવાશે.

સબ સેન્ટરોના નવા મકાન માટે જમીનની પણ ઉપલબ્ધિ હોવાથી આ કામો ઝડપથી હાથ ધરવામાં આવશે.

વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાલુન્દ્રા, રાંચરડા, બહિયલ, ઉનાવા અને મોખાસણના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જે જર્જરિત બન્યા હતા તે માટે રૂ. ૩.૫૦ કરોડ જેટલી રકમ મંજૂર કરવામાં આવી છે.

આ ઉપરાંત કલોલ નગરપાલિકાએ આરોગ્યની સેવાઓ સરકારને સોંપતા સામુહિક આરોગ્ય કેન્દ્ર અદ્યતન સુવિધા સભર બનાવવા માટે રૂ. ૨.૫૦ કરોડની ફાળવણી સરકારે કરી છે. રાજ્ય સરકારે સંકુલોના આધુનિકરણ માટે જિલ્લાને પહેલીવાર આટલી મોટી રકમની ફાળવણી કરી છે.

આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે આધુનિકરણ પર રાજ્ય સરકારે ધ્યાને કેન્દ્રીત કર્યુ છે. આ આધુનિકરણની કામગીરી માટે હવે નકશા-અંદાજો સહિતની કામગીરી જિલ્લા તંત્રએ કરવાની રહેશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## કાળઝાળ ગરમીની અસર



(તસવીર : દિપક જાની)

# ગુજરાતના વૈશ્વિક વિકાસમાં મુખ્યમંત્રીની ચીનની મુલાકાત ફળદાયી બનશે

## ભારત-ચીન વચ્ચે મજબૂત વિકાસની ભાગીદારીમાં રાજ્યો-પ્રાંતોની ભૂમિકા 'ગોષ્ઠિમાં ગુજરાતના વૈશ્વિક વિકાસ પહેલુઓ ઉજાગર



ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભારત અને ચીન વચ્ચેના આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોનો સેતુ સુદ્રઢ બનાવવા બેય દેશના નાગરિકો-લોકો વચ્ચે સીધું જોડાણ અને સાતત્યપૂર્ણ સંબંધોની ભારપૂર્વક હિમાયત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ચીન પ્રવાસના તેમના પ્રથમ દિવસે બૈજિંગમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતીમાં બેય દેશોના મુખ્યમંત્રીશ્રીઓ અને પ્રાંતોના વડાઓના ફોરમમાં ગુજરાત પ્રતિનિધિમંડળ સાથે સહભાગી થયા હતા.

શ્રીમતી આનંદીબહેને આ ફોરમના પ્રથમ સત્રમાં 'ભારત ચીન વચ્ચેની મજબૂત વિકાસ ભાગીદારીમાં રાજયો અને પ્રાંતોની ભૂમિકા' વિષયક ગોષ્ઠિમાં સંબોધન કરતાં આ હિમાયત કરી હતી.

આ સંદર્ભમાં તેમણે પીપલ ટુ પીપલ કનેકટનો નાતો જોડીને બેય રાષ્ટ્રો વચ્ચે વેપાર વણજ અને સાંસ્કૃતિક સંબંધો વધુ પ્રગાઢ બને તેની આવશ્યકતા પણ સમજાવી હતી.

ચાયના સાથેના વર્તમાન સંબંધોને વધુ સુદ્રઢ બનાવવામાં આ ફોરમ માઇલ સ્ટોન બની રહેવાનું છે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સંવાદ ગોષ્ઠિમાં ગુજરાતની સિધ્ધિઓ તથા રાજયમાં વૈશ્વિક રોકાણકારોને આકર્ષીત કરતી વિપૂલ તકોની વિશદ ભૂમિકા આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર સ્કીલ ડેવલપમેન્ટ સ્થપાશે

## બેઈજીંગ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ચીનના શ્રીયુત લી કેકવીઆંગની ઉપસ્થિતિમાં થયેલ ૨૪ સમજૂતિ કરારમાં ગાંધીનગરના બે મહત્વકાંક્ષી પ્રોજેક્ટનો સમાવેશ : ગીફ્ટસિટીના સ્માર્ટ સિટીના નિર્માણ માટે ચીનના શેનઝેનનો પાયલોટ સીટી બનાવાશે

ગાંધીનગર, તા. ૧૫

વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે ચીનની સહભાગીતા વધારવા માટે ચીન-હોંગકોંગના પ્રવાસે ગયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ચીનના પ્રિમીયર શ્રીયુત લી કેકવીઆંગની ઉપસ્થિતિમાં થયેલા ૨૪ સમજૂતિ કરાર પૈકીના બે કરાર ગુજરાત સંદર્ભે કરવામાં આવ્યા છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ હેતુ અમદાવાદ-ગાંધીનગરમાં મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટર પ્રિન્યોરશીપની સ્થાપનામાં સહકાર માટેનો એક્શન પ્લાન ભારત ચીન દ્વારા વિકસાવવા કરાર સંપન્ન થયા હતા. જ્યારે નવા સ્માર્ટ સિટીઝના નિર્માણમાં ગિફ્ટ સિટી-ચીનના શેનઝેનને પાયલોટ સિટી બનાવવા નિર્ધાર કરવામાં આવ્યો છે.

વડા-ધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ચીનના -મીયર શ્રીયુત લી કેકવીઆંગની ઉપસ્થિતીમાં બૈજિંગ ખાતે આજે બંને દેશો વચ્ચે ૧૦ બિલીયન રકમના ૨૪ સમજૂતિ કરાર સંપન્ન થયા હતા.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને -તિનિધિમંડળ પણ ઉપસ્થિત રહી આ અવસરના સાક્ષી બન્યા હતા. આ ૨૪ કરારમાં ગુજરાતને સ્પર્શતા બે મહત્વપૂર્ણ કરારનો સમાવેશ થાય છે.

તે અંતર્ગત, કૌશલ્ય વિકાસ અને ધોગ સાહસિકતાની તાલીમ હેતુ અમદાવાદ-ગાંધીનગરમાં મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરન્યિોરશીપની સ્થાપનામાં સહકાર માટેનો એકશન પ્લાન ભારત-ચીન દ્વારા વિકસાવવાના કરાર સંપન્ન થયા હતા.

ગુજરાતના ગિફ્ટ સિટી અને ચીનના શેનઝેનને પાયલોટ સ્માર્ટ સિટી તરીકેની ઓળખ આપીને જોઈન્ટ ડેમોન્સ્ટ્રેશન -જેકટ માટે સ્માર્ટ સિટીઝ વિકસાવવા ભારત-ચીન વચ્ચે સહભાગીતાનો સેતુ સ્થાપવાનો નિર્ધાર પણ કરવામાં આવ્યો હતો.

વડા-ધાનશ્રીએ સપ્ટેમ્બર-૨૦૧૪માં ચાયના-ભારત વચ્ચે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ચાયનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના માટેના થયેલા સમજૂતિ કરારોની યાદ તાજી કરતાં ગુજરાત-મહારાષ્ટ્રના મુખ્યમંત્રીની ચીન -વાસમાં ઉપસ્થિતીથી મેઈક-ઇન-ઈન્ડીયા મિશન અને આંતરમાળખાકીય વિકાસ ક્ષેત્રોમાં ચીન સાથે સહકાર -ોત્સાહનમાં બળ મળ્યું છે .

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ અગાઉ ચીનના રાષ્ટ્રપતિશ્રીની સપ્ટેમ્બર-૨૦૧૪માં ગુજરાત મૂલાકાત દરમ્યાન વડા-ધાનશ્રીની ઉપસ્થિતિમાં ત્રણ સમજૂતી કરારો



કરવામાં આવ્યા હતા, જેમાં ચીનના ગ્વાંગડોંગ અને ગુજરાત વચ્ચે સિસ્ટર -ોવિન્સ સ્થાપિત કરીને દ્વિપક્ષી સાંસ્કૃતિક-સામાજિક સંબંધો વિકસાવવા માટે, ગુજરાતના અમદાવાદ અને ચીનના ગ્વાંગઝો શહેર વચ્ચે સિસ્ટર સિટી એગ્રીમેન્ટથી અર્થતંત્ર, વ્યાપાર, પર્યાવરણ સંરક્ષણ, જાહેર નીતિ, શિક્ષણ સ્વાસ્થ્ય જેવા ક્ષેત્રોમાં અનુભવોની આપ-લે અને નોલેજ શેરિંગ માટે તથા ગુજરાતમાં ચાયનીઝ ઈન્ડસ્ટ્રીઅલ પાર્ક સ્થાપવા અંગેનો સમાવેશ થાય છે.




સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઇપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

**અક્ષી**

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

**જોઈએ છે**

**LED-TV • LCD-TV**

**બંધ હાલતમાં**

**સંપર્ક : શૈલેષભાઈ**

**મો. : ૯૪૨૭૫ ૪૪૮૩૫**

## પૂજા ટાંકને નવમી હૃદયાંજલિ



- 'દેવપૂજ' રૂપી મંદિરમાં થતું પૂજન... ઈશ્વરની આરાધના એટલે.... **પૂજા**
- દિકરી, વ્હાલનો દરીયો બની માતા-પિતાનું નામ રોશન કરનાર એટલે.... **પૂજા**
- બહેન, જીવન રણમાં મીઠી વીરડી બની, ભાઈને શાતા આપનાર બહેન એટલે... **પૂજા**
- જેના અખૂટ સંસ્મરણોથી અમારાથી જીવાય છે...

**એ જ પૂજાની યાદમાં...**

**શ્રીમતી દમયંતિબહેન ટાંક (માતા)**
**શ્રી સુરેશભાઈ ટાંક (પિતા)**
**તથા સમસ્ત ટાંક પરિવાર**